Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રી

# આત્માનંદ પ્રકાશ.

દોહરો.

આત્મવૃત્તિ નિર્મલ કરે, આપે તત્વવિકાશ;
આત્માને આરામ દે, આત્માનંદપ્રકાશ.

પુસ્તક ૧ લું  વિક્રમ સંવત ૧૯૫૯—ભાદરવો  અંક ૨ જો.

## પ્રભુસ્તુતિ.

માલિની.

જિનવર જયકારી કેવલજ્ઞાનધારી,
વિમલપદ વિહારી, સર્વદા નિર્વિકારી;
અવિચલ [1]અઘહારી સંયમાધાર ભારી,
સુખદ શરણ કારી શાંતિ આપો સુધારી. ૧

## ગુરૂસ્તુતિ.

મનગમિત જનોના [2]કામના કલ્પવૃક્ષ,
ભવભય હરનારા ભક્તના [3]સર્વરક્ષ;

૧ પાપને નાશ કરનારા. ૨ મનોરથના. ૩ સર્વ રીતે રક્ષા કરનાર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કરી [4]સતત વિહારો નિત્ય ધર્મોપકારી,
ગુરૂ ચરણ અમારે શર્ણ હો કષ્ટહારી. ૧

## સજ્જન સ્તુતિ.

### શાર્દૂલ વિક્રીડિત.

[5]શ્રી શાંતિ શિવ શુદ્ધિ [6]શાત શમતા શ્રદ્ધા અને શક્તિઓ,
શોભા શ્રાવકતા [7]શ્રુતશ્રવણતા શિક્ષાતણી [8]વ્યક્તિઓ;
શ્રેયઃ[9] શંકર શાંતરૂપ શુભ– એ શોલે [10]શકારો ધરી,
શોભે જે નરરત્ન આ જગતમાં તેને નમું આદરી. ૧

રાખે નિર્મલટેક એક જગમાં મિથ્યા ન ભાષે કદી,
છોડી સ્વાર્થ પરાર્થ સાધન કરે ક્યારે ફરે નૈ [11]વદી;
પ્રેમે પૂરણ થૈ પ્રમાણિક રહી સત્કાર્યને આચરી,
શોભે જે નરરત્ન આ જગતમાં તેને નમું આદરી. ૨

છોડીને છલતા વિહારી [12]ખલતા [13]સૌજન્ય સંગે રમે,
દેખીને શુભ અન્યનું હૃદયને આનંદ સાથે ગમે;
આપે [14]આર્હત તેજથી સમકિતે સત્પ્રેમ ને પાથરી,
શોભે જે નરરત્ન આ જગતમાં તેને નમું આદરી. ૩

---

૪ હમેસા વિહાર કરી. ૫ ધર્મશોભા. ૬ સુખ–સાતા ૭ શાસ્ત્રનું શ્રવણ. ૮ સ્પષ્ટતા. ૯ કલ્યાણ ૧૦ શોલશકાર ને ધારણ કરી. ૧૧ ક્યારે બોલીને ફરે નહીં. ૧૨ લુચ્ચાઈ. ૧૩ સજ્જનતા. ૧૪ આર્હત-જૈન ધર્મના તેજથી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# ભારતવર્ષીય આર્હત મહાસમાજનું ઉદયાષ્ટક

## વસંતતિલકા.

આશ્રેષ્ઠ છે સમય [૧]સત્કૃતિ સાધવાનો,
વિદ્યા તણો વિજય નાદ ગજાવવાનો;
ઉલ્લાસ [૨]અંતર ધરી જન સૌ પધારો,
ઉદ્યોત આર્હત સમાજ તણો વધારો. ૧

વક્તા બની વચન પુષ્પ થકી વધાવો,
આનંદથી ઉદયના શુભગીત ગાવો;
સાધર્મિના સકલ સાધન ને સુધારો,
ઉદ્યોત આર્હત સમાજ તણો વધારો. ૨

સ્થાપો મલી [૩]સુખદ સર્વવિષે સુધારા,
કાપો [૪]કુકષ્ટકર કેવલ જે કુધારા;
ધારા ઘડી પ્રગટ સત્વર તે પ્રસારો,
ઉદ્યોત આર્હત સમાજ તણો વધારો, ૩

સંભાલી તીર્થ જિનચૈત્ય બધા સમારો,
આશાતના [૫]અખિલ તેહ તણી નિવારો;
જે જીર્ણ હોય અતિ તે ધનથી ઉધારો,
ઉદ્યોત આર્હત સમાજ તણો વધારો... ૪

---

૧ સત્કૃતિ—સારાકાર્ય. ૨ હૃદયમાં ૩ સુખ આપનાર ૪ નઠારા કષ્ટને કરનાર. ૫ બધા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સત્પુસ્તકો વિમલ આર્હત ધર્મના જે,
ભંડાર ભૂમિ ગૃહમાં સડતા બધા તે;
તે સર્વ [6]મુદ્રિત કરો નહીં ને વિસારો,
ઉદ્યોત આર્હત સમાજ તણો વધારો. ૫

પ્રેમે રચો પ્રતિ[7]પુરે જિનપાઠશાલા,
આપી સહાયજ કરો [8]બુધ જૈન[9]બાલા,
સદ્જ્ઞાન સાધન [10]પ્રશસ્ત બધા પ્રચારો,
ઉદ્યોત આર્હત સમાજ તણો વધારો ૬

શ્રી શ્રાવિકા સરસ બોધ થકી પઢાવો.,
સત્પુત્રીઓ [11]કુલવધૂ ગુણથી ગજાવો;
ફંડો કરી જન નિરાશ્રિત ને ઉગારો,
ઉદ્યોત આર્હત સમાજ તણો વધારો. ૭

શાર્દૂલવિક્રીડિત.

ગાજો ભારતવર્ષ આજ જયથી રંગે ઉમંગે અતિ,
શોભો સુંદર રંગ મંડપ ધરી મુંબાપુરી સર્વથી;
જામો સંઘ સમસ્ત આ જગતનો સૌ ઐક્ય અંગે ધરી,
પામો પૂર્ણ પ્રતાપ પૂર્વજ તણો આનંદ ચિત્તે કરી. ૮

## ષટ્દર્શનોનું કમીશન.

( ગયા અંકના પૃષ્ટ ૧૩થી ચાલુ. )

આ પ્રકારના આર્યસત્યમાં પેહેલું દુઃખતત્વ છે. દુઃખ

૬ છપાવો. ૭ પ્રત્યેક સેહેરે. ૮ વિદ્વાન્ કરો. ૯ જૈન બાલકોને. ૧૦ શ્રેષ્ટ. ૧૧ કુલીન સ્ત્રીના ગુણથી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બધુ દુઃખમય છે. જીવવું—હયાતીમાં રહેવું એજ દુઃખરૂપછે દુઃખમય જીવિતના દુઃખના કારણ રૂપ અજ્ઞાન (મિથ્યાદૃષ્ટિ) આદિ બાર ઉપાદાન માનેલાંછે; અને આ બધા દુઃખનો અનુભવ કરનાર વ્યક્તિ (શરીરપિંડ) ની ઉત્પત્તિ પાંચ કારણમાંથી માનેલી છે. એ પાંચ કારણ તેજ પાંચ સ્કંધ કહેવાયછે. સ્કંધ એટલે સચેતન અચેતન પરમાણું સમૂહ. જે એક સ્થાનેથી બીજે સ્થાને એમ [1]અનંતસ્થાન પ્રત્યે જેનું [2]સંસરણ છે તેવો સંસારી જીવ અત્રે સ્કંધ માનેલોછે. તે પાંચ પ્રકારના સ્કંધનું સ્વરૂપ આ પ્રમાણે છે.

૧ રૂપસ્કંધ—તેમાં પૃથ્વી ધાતુ વિગેરેથી બનેલું સ્થૂલ શરીર-વિગેરે આવેછે.

૨ વેદનાસ્કંધ-તેમાંઇંદ્રિયજન્યજ્ઞાન આવેછેઅનેસુખરૂપા દુઃખરૂપા અને અદુઃખરૂપા એ વેદનાના પ્રકાર અનુભવાયછે. એ વેદના પૂર્વકૃતકર્મના ફલરૂપે પ્રાપ્તથાયછે. તે વિષે એક દૃષ્ટાંતછેકે, એક વખતે અમારા બૌદ્ધગુરૂ ભિક્ષાર્થે ફરતા હતા, તેવામાં તેમને પગમાં કાંટો વાગ્યો એટલે તેઓ બોલ્યા કે, ' હે ભિક્ષુઓ, આજથી એકાણુંમાં કલ્પમાં મેં એક પુરૂષને ભાલાથી હણ્યો હતો, તે કર્મના ફલરૂપ મને આ પગમાં કાંટો વાગ્યો.

૩ સંજ્ઞાસ્કંધ—તેમાં સર્વ પ્રકારના ભાવનું જ્ઞાન થાયછે. વલી નિમિત્તોદ્ગ્રહણાત્મક પ્રત્યયમાં તેની વિશેષ સ્ફુટતા થાયછે. જેમ કે 'ગાય' એવી સંજ્ઞાછે, તેમાં જે ગાયપણું તે 'ગાય' એમ ગ્રહણ થવાનું નિમિત્ત છે, તેવા નિમિત્તનું ઊદ્ગ્રહણ એટલે એ નિમિત્ત અને પ્રત્યક્ષ જે ગાય તે બંનેને યોજવા પણું તે. એ યોજના

૧ ઘણે સ્થાને ૨ ગમન—પ્રવર્તન.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



થાય ત્યારે 'ગાય' એ સંજ્ઞા સિદ્ધ થાયછે. અને પ્રત્યય એટલે એ પ્ર-માણે [1]જાતિ અને [2]વ્યક્તિનો યોગ કરીને જે સવિકલ્પ જ્ઞાન થાય તે **સંજ્ઞાસ્કંધ** કહેવાય છે.

૪ **સંસ્કારસ્કંધ**—તેમાં મનોવૃત્તિ રૂપ વાસના અને અપુણ્ય પુણ્ય વિગેરે ધર્મસમુદાય આવે છે. વલી તે સંસ્કારના પ્રબોધથી પૂર્વાનુભૂત વિષયનું સ્મરણ ચિંતનાદિ પણ થાય છે.

૫ **વિજ્ઞાન સ્કંધ**—તેમાં જ્ઞાન, વિચાર અને બુદ્ધિ પ્રમુખ આવેછે. વલી રૂપવિજ્ઞાન, રસવિજ્ઞાન એ આદિ નિર્વિકલ્પ વિજ્ઞાન એટલે વિશિષ્ટજ્ઞાન તે વિજ્ઞાન કહેવાય છે. [1]આલોચના માત્ર એવું જે પ્રથમ જ્ઞાન તે નિર્વિકલ્પ કહેવાયછે, તે બાલક અને [2]મૂક વિગેરેમાં હોયછે. આ પાંચ સ્કંધ દુઃખતત્વ (પેહેલાં મહાસત્ય) ની સાથે પૂર્ણ સંબંધ રાખેછે. તે પાંચ સ્કંધ શિવાય સુખ, દુઃખ, ઈચ્છા, જ્ઞાન અને દ્વેષાદિકનો આધાર ભૂત "જીવ—આત્મા" એવો કોઈ પદાર્થ સિદ્ધથતો નથી. કદિ કોઈ પ્રત્યક્ષ અને અનુમાન પ્રમાણથી જીવ—આત્માને સિદ્ધકરવા ધારે તો તે સર્વરીતે વ્યર્થજ ઠરેછે. સુખ દુઃખ, ઇચ્છા, જ્ઞાન અને દ્વેષાદિકનો આધાર ભૂત જીવ—આત્મા પ્રત્યક્ષ પ્રમાણથી તો સિદ્ધ થતો નથી. અનુમાનથી પણ સિદ્ધ થતો નથી કેમકે તેની સાથે [3]વ્યભિચાર ન પામે તેવું [4]સાહચર્યવાલું લિંગ (ચિન્હ) જડતું નથી અને પ્રત્યક્ષ તથા અનુમાન એ બે વિના, અર્થ ગ્રહણમાં ઉપયોગી થાય એવું કોઇ પ્રમાણ અમારે બીલકુલ માન્ય નથી, માટે સ્કંધ પાંચજ છે એ નિર્વિવાદ સિદ્ધ થાયછે.

અપૂર્ણ.

---

૧ જાતિ એટલે ગાયપણું તે. ૨ વ્યકિત એટલે તેનું પ્રત્યક્ષ સ્પષ્ટરૂપ—આકૃતિ.
૧ વિચાર કરવા માત્ર, ૨ મુંગોમાણસ ૩ ફારફેરનથાયતે. ૧ સાથે રહેવુંતે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# જૈન શારદાનો વિલાપ.

(એક અદ્ભુત સ્વપ્ન.)

વસંતૠતુ પ્રવર્ત્તતી હતી, વાયુ મંદમંદ સંચારથી નવ કુસુમિત તરૂઓથી તરંગિત થઈ મકરંદના સુગંધને અહીંથી તહીં ફેલાવતો હતો, પક્ષીઓ દિવસે મધુર કંઠના ગીત ગાઇ શ્રમિતથઈ શાંતપણે પલ્લવશય્યામાં સુતાહતા, નાગરિકો દિવસના વ્યવસાયમાંથી મુકતથઈ નિદ્રાના ઊત્સંગમાં પડયા હતા, અલ્પનિદ્રાલુ મુનિવરો પ્રતિક્રમણના સમયની રાહજોઇ આત્મચિંતન કરતા હતા. આ સમયે રાત્રિ ત્રિજા પોહોરમાં પ્રવેશ કરતી હતી. તેવામાં એક અદ્ભુત સ્વપ્નનો દેખાવ થયો. જાણે મારે કોઇ ધાર્મિક કાર્ય પ્રસંગે દેશાંતર ગમન કરવું પડ્યું. લલાટે મંગલતિલક કરી હાથમાં સુશોભિત શ્રીફલ લઈ [1]અગ્નિરથમાં આરૂઢ થયો. પવન વેગે ચાલતો અગ્નિરથ સૌરાષ્ટ્ર દેશને ઊલ્લંઘન કરી ગુર્જર દેશમાં લઇ ગયો. એક જનસમુદાયવાલાં સ્ટેશને ઊતરી હું આગલ ચાલ્યો, ત્યાં એક ગૃહસ્થનો મેલાપ થયો. તે જાણે પૂર્વ પરિચિત હોય તેમ તેની સાથે વાર્त્તાવિનોદનો પ્રસંગ ચાલ્યો. વાર્त્તા પ્રસંગે આ સ્ટેશનથી કયાં જવાયછે અને આ કયું નગરછે? એમ પુછવામાં આવ્યું તે ગ્રહસ્થે જણાવ્યું, ભાઇ, આ નગરનું નામ **અણહિલપુરપાટણ છે.** આ નગર ગુજરાતની પ્રાચીન રાજધાની છે. મહારાજા **સિદ્ધરાજ** અને **કુમારપાલ** જેવા ધર્મિરાજાઓની આ રાજયભૂમિ અને કીર્ત્તિભૂમિ છે. આ સાંભલી મારા મ-

૧ રેલ્વેગાડી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નમાં અપાર આનંદ ઉત્પન્ન થયો. હું તે ગૃહસ્થની રજા લઈ પાટણના વિશાલમાર્ગમાં આગલ ચાલ્યો. નગરદ્વાર આગલ આવતાં મને કોઈ અલૌકિક આનંદ થવા લાગ્યો. તે ભૂમિના પરમાણુઓએ મારા આસ્તિક હૃદયમાં ઉત્તમ અસર કરવા માંડી. જૈનધર્મની પ્રાચીન ઉન્નતિ હૃદયમાં ખડી થઈ. મહારાજા ગુર્જરપતિની અમારીઘોષણા યાદ આવી **શ્રીહેમચંદ્રસૂરિ**ની અલૌકિક વિદ્વત્તા અને તેમણે વધારેલી આર્હત ધર્મની ગ્રંથસમૃદ્ધિ સ્મરણમાં આવી અને પાટણમાં આવેલી શ્રીજિનચૈત્યની શ્રેણીઓના દર્શન કરવાના મનોરથ થવા લાગ્યા.

નગરદ્વારની નજિક આવ્યો ત્યાં કોઇ અદૃશ્ય સ્ત્રીનો કરૂણા ભરેલો રૂદનસ્વર કાને પડયો. તે સાંભળતાંજ ચરણનીગતિ સ્ખલિત થઈ અને તે જાણવાનું હૃદયમાં કૌતુક થતાં, તે સ્વરને અનુસ્વારે આગલ ચાલ્યો. ત્યાં જતાં પાટણના પવિત્ર કીલ્લાની બાહાર પાષાણની [1]વેદિકા ઉપર એક સ્ત્રી બેઠેલી જોવામાં આવી. તે યુવતિ છતાં [2]જરાજીર્ણ હોય તેવી દેખાતી હતી. શ્વેતવસ્ત્ર પહેર્યા હતા. લલાટ ઉપર જ્ઞાનતેજ ઝલકી રહ્યું હતુ. દિવ્યસ્વરૂપથી જાણે પવિત્રતાની દેવી હોય તેમ જણાતી હતી. તેના નેત્રમાંથી પડતી અશ્રુધારા કંઠમાં ધારણ કરેલા મુક્તાહાર ને પુષ્ટિ આપતી હતી. તેની આગલ પોતાની સ્વામિનીને દુઃખે દુઃખો થઈ હોય તેવી એક મધુર વીણા શૂન્ય જેવી પડી હતી. શાસ્ત્રમાં કહેલા કેટલાએક ચિન્હોથી મેં તેને દેવી રૂપે જાણી લીધી મેં સમીપ આવી એ સુંદર દેવીને શિરથી નમન કર્યું

૧ ઓટલી ૨ વૃદ્ધાવસ્થાવાલી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મને સમીપઆવેલો જાણી તેણીએ પોતાનું રૂદન જરામંદ કરવા માંડયું.

મેં અંજલી જોડી કહ્યું—દેવી આપ કોણછો ? આવી મધ્યરાત્રે આ પવિત્ર ભૂમિમાં રૂદન કેમ કરોછો. ? આવી મનોહર ભવ્ય મૂર્ત્તિ દુઃખનું પાત્ર કેમ થઈ છે ? જે ભૂમિમાં આપ રૂદન કરોછો, તે આર્હત ધર્મની ઉન્નતિની ભૂમિ છે. અહિં હર્ષના અશ્રુને બદલે શોકના અશ્રુ કેમ પડે છે? તે સાંભલી દિવ્યબાલા રૂદન કરતી બોલી—કે વત્સ, હું જ્ઞાનની અધિષ્ટાત્રી જૈનશારદાછું '**ભાતવર્ષની ભવ્ય ભારતી**' એવા નામથી પણ વિખ્યાત છું. પ્રાચીન પંડિતો પરંપરાથી મારી પૂજા કરતા આવ્યાછે. જૈન વિદ્વાનોની હૃદય ગુફામાં મારો નિવાસછે. માનવ જીવનમાં ધર્મની જયોતિ પ્રગટ કરવામાં મારી શક્તિછે, સંયમની સાથે મારો સહવાસછે. આર્હતવાણીમાં પરમ પવિત્રપણે ગવાતું જ્ઞાન એ મારી ચૈતન્યમૂર્તિછે. દર્શન અને ચારિત્રમાં મારા જ્ઞાન સ્વરૂપનો આવિર્ભાવ નિત્યનવી શોભાથી અને નવનવા ભાવથી પ્રગટ થાયછે. જીવન ક્ષેત્રમાં વાપેલું જ્ઞાનબીજ આર્હત ધર્મના શિવરૂપ ફલને સંપાદન કરાવે છે. એવી પ્રભાવિક આ જૈન ભારતી પાટણના પવિત્ર સ્થલમાં રૂદન કરેછે એ કેવા ખેદની વાત ! ભદ્ર, આ પાંચમાં આરાનો પ્રકોપ પ્રથમ મારી ઉપર થયોછે. મારા શ્રાવક પુત્રો અજ્ઞાન અંધકારમાં ડુબી ગયાછે. વ્યાપારની ચંચલ લક્ષ્મીના મોજશોખમાં તેઓ મશગૂલ થઇ પોતાની પૂર્વની ઊત્તમ સ્થિતિને ભુલી ગયાછે, એટલુંજ નહીં પણ પોતાના નામ સાથે જોડાએલો **શ્રાવક** શબ્દનો ગંભીર અર્થ પણ જાણવાને પ્રયાસ કરતા નથી.

વત્સ, અત્યારે હું ભયંકર સ્થિતિમાં આવી પડી છું. ભંડાર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રૂપ [1]કારાગૃહમાં પૂરાઈછું. ઉધાઈ અને કંસારી જાતના કીડાથી મારા પુસ્તક રૂપનો ઉચ્છેદ થાય છે. મારૂં પત્રમય પુદ્‍ગલિક સ્વરૂપ [2]રજ રૂપે થઇ [3]પિષ્ટાકૃતિ બનતું જાય છે. આવા ઉગ્ર કલિકાલમાં મારો ઉદ્ધારક કોણ થશે એવી મને ચિંતા રહે છે. જ્યારે મારી પૂર્વસ્થિતિ સંભારૂં છું ત્યારે નેત્રમાંથી અશ્રુની ધારા વિશેષ આવે છે. પ્રથમ તીર્થંકરઆદિનાથ પ્રભુથી માંડી વીરપ્રભુ સુધી મારો મહોદય સર્વોત્કૃષ્ટ પણે પ્રવર્ત્તતો હતો. શ્રી વીર ભગવંતની પછી જંબૂસ્વામી સુધી મારી વિજયપતાકા ભારતવર્ષ ઉપર ફરકતી હતી. તે પછી ત્રિકાલદર્શી શ્રી ભદ્રબાહુ સ્વામી, વાચકેન્દ્ર ઉમાસ્વાતી, શ્રી સ્થૂલભદ્ર સ્વામી, આર્યમહાગિરિ, આર્યસુહસ્તિસૂરિ, આર્યસુસ્થિતસૂરિ, આર્યસુપ્રતિબદ્ધસૂરિ, આર્યઇંદ્રદિન્નસૂરિ, વજ્રસ્વામી, વજ્રસેનસૂરિ, શ્રી પ્રદ્યોતસૂરિ, શ્રીમાનતુંગસૂરિ, અને શ્રીહરિભદ્રસૂરિ, જેવા પ્રતાપી યુગપ્રધાન આચાર્યો એ મારો અલૌકિક પ્રભાવ પ્રગટ કર્યોહતો છેવટે થોડાવર્ષ પેહેલા પંડિતવર્ય શ્રી અજિતદેવ સૂરિએ આ પવિત્ર પાટણમાંજ મારો વિજયનાદ કરાવ્યો હતો. તેઓએ ગુર્જરપતિ સિદ્ધરાજ મહારાજાની સભામાં અન્ય વાદીઓનો પરાભવ કરી જૈનભારતીની ઉજ્વલકીર્તિ ભારતવર્ષમાં ગવરાવીહતી, તેજ કાલે ત્રણકોટી ગ્રંથના કર્ત્તા, કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચંદ્રસૂરીએ મહારાજા પાટણપતિ કુમારપાલ રાજાને પ્રબોધ આપી મારા પ્રભાવિક નામને ભારતવર્ષમાં પ્રખ્યાત કર્યુંહતું. તે પછી પણ કેટલાએક આચાર્યોએ મારી ભવ્યભક્તિ કરીહતી જે સંભારતાં મારૂં હૃદય ભરી આવેછે, શરીર કંપી ચાલેછે અને કંઠ ગદ્‍ગદિત થઈજાયછે.

૧ કેદખાનામાં ૨ ભુકરૂપે ૩ લોટના જેવા ભુકો;

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વત્સ, અજ્ઞાની શ્રાવકો મારા પત્રમય જડસ્વરૂપની આશાતના ન થાય તેવું સમજી મને ભંડારરૂપ કારાગૃહમાં પૂરી રાખે છે અને મારા ચૈતન્યરૂપ જ્ઞાનસ્વરૂપથી વિમુખ રહે છે. આ કેવી ખેદની વાત! મારા ચિદ્રૂપ જ્ઞાનસ્વરૂપથી વિમુખ રહેવું, એજ મારી ખરી આશાતના છે, જડસ્વરૂપની આશાતના માત્ર દ્રવ્ય આશાતના છે, આ વિવેક તેઓ બીલકુલ જાણતા નથી. ભદ્ર, કહેતા કંપારી છુટેછેકે, અલ્પમતિ શ્રાવકો કીર્તિદાનમાં ધર્મનું માહાત્મ્ય સમજી અગણિત દ્રવ્ય ખર્ચેછે, ગજેંદ્ર ઉપર ચડવામાં ધર્મનો ઉદ્યોત જણાવેછે, જ્ઞાતિ કાર્યમાં આગલ પડી ધનવંતપણાને સાર્થક કરેછે અને કેવલ સકામ તપસ્યાકરી ધર્મકીર્તિ ફેલાવેછે, પણ તેઓની મનોવૃત્તિમાં જ્ઞાનના ઉદ્ધારની વાર્ત્તા સ્ફુરતીનથી. જ્ઞાન એ અલૌકિક દિવ્ય વસ્તુ છે, એમ તેઓ જાણતા પણનથી. જ્ઞાનરસના કેવા સુકુમાર અપરિસીમ ચમત્કારોછે, કેવી અતિ ઉન્નત વાસનાઓ છે, તેમાંથી ઉત્પન્ન થતાં [1]પ્રતિભા શકિતના અતિ ઉજ્વલ દષ્ટાંતો અને એકતાન ભકિતના કાર્યો કેવા આવિર્ભૂત થાય છે, એ વાત તે અજ્ઞાનીઓના લક્ષમાંજ આવતી નથી. વલી તે જ્ઞાનની પ્રતિભા મૂર્તિ કવિના ચમત્કારી [2]નયનની પાંસે પોતાનું સૌંદર્ય દેખાડે છે, તેની ભાવના શકિત આ ભૂલોક પરિત્યાગ કરી નવી નવી [3]લોકોત્તર સૃષ્ટિ રચેછે. જ્ઞાન ઉપાસકની શુદ્ધ કલમથી સૌંદર્ય સૌષ્ટવ તથા પ્રસાદ ગુણથી પરિપૂર્ણ સુલલિત ભાષા નીકલેછે અને છેવટે વૈરાગ્ય રસને પોષી સચ્ચિદાનંદ આત્મસ્વરૂપ દર્શાવી સિદ્ધ શિલાના નિર્મલ શિવમાર્ગ તરફ દોરી જાયછે.

---

૧ કવિતા કરવાની શકિત, ૨ નેત્ર ૩ લોકમાં નહોય તેવી—અલૌકિક.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પુત્ર! આવા જ્ઞાનના પ્રભાવથી તદન અજ્ઞ એવા આધુનિક શ્રાવકોએ મને અધમ સ્થિતિએ પોહોચાડી છે. કહેવાને દિલગીર છું કે, હાલ વિચરતા મુનિવરોમાં કોઈજ મારો ઉદ્ધાર કરવા પ્રયત્ન કરેછે, તેઓ પણ જ્ઞાન ભક્તિમાં પશ્ચાત રહેતા જાયછે. કેટલાએકતો માત્ર આહારમલે તેટલું ઉપયોગી જ્ઞાન સંપાદન કરવાને શ્રાવકોની શુશ્રૂષા કરેછે. દરવર્ષે ચાતુર્માસ્યમાં ક્ષુદ્ર બ્રાહ્મણો ને ક્ષુદ્રપગાર આપી અભ્યાસ કરવા બોલાવેછે. સુબોધિકા સિદ્ધ કરી ઉપાશ્રયના સિંહાસન ઉપર બેસી અલ્પમતિ શ્રાવકોની પર્ષદામાં વ્યાખ્યાનની ગર્જના કરી વરઘોડા ચડાવી પોતાના આત્માને કૃતાર્થ માનેછે અને એથી પોતાના ચારિત્રનું સાફલ્ય ગણેછે. તેઓએ જાણવું જોઇએકે, ચારિત્રનો દિવ્ય અલંકાર જ્ઞાન છે. જ્ઞાનરૂપ ભામંડલને ધારણ કરનાર ચારિત્રનું સુશોભિત બિંબ અલૌકિક પ્રભાથી પ્રકાશેછે—જ્ઞાન એ ચારિત્રનું જીવન છે, હૃદયના ગાઢ અંધકારને દૂરકરનાર આત્માનંદ દીપક જ્ઞાન જ્યોતિથી [1]સતત પ્રજવલિત છે, જ્ઞાનમય ધર્મ જીવન ચારિત્ર ધારી [2]અનગારના આત્માને પરમશાંતિ આપેછે. અહા! એવા મારા જ્ઞાન સ્વરૂપના પ્રભાવને સાંપ્રતકાલના સાધુઓ ભુલીજાય, એ કેવી દીલગીરી! મારા ઉદયનો આધાર તે શાસનના પ્રભાવક સતતવિહારી મુનિઓ ઉપર છે. તેમના ઉપદેશનો ઉછલતો સાગર મોહમય નિદ્રામાં પડેલા શ્રાવકોના [3]પ્રમાદ કાદવને જ્યારે ધોઇ નાખશે ત્યારેજ હું મારા હૃદયમાં ઉદયની આશા કાંઇક ધારણ કરીશ.

ઉપરના વચનો બોલતાં બોલતાં તે દિવ્યબાળાએ મુકત કંઠે રૂદન કરવા માંડયું, તે મુર્છાખાઇ પૃથ્વી પર પડીગયા. કરનું અલલં-

૧ હમેશાં. ૨ સાધુ. ૩ ગફલત રૂપ કાદવ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બન કરી મેં તેમને બેઠા કર્યાં, જરા સાવધ કરીને અંજલિજોડી કહ્યું.—માયાળુ માતા, શાંત થાઓ આપના ઊદયની આશા ભવિષ્યમાં મારા જોવામાં આવેછે. હું સૌરાષ્ટ્ દેશનો શ્રાવક છું. જૈન શારદા અને સાધુનો ઊપાસક છું. આપનું કરૂણામય રૂદન સાંભલી મને અપાર શોક થાયછે, આપનો ઉદ્ધાર થાય તેવા ઉપાય યોજવા હું તન મન ધનથી પ્રયત્ન કરીશ, વિહાર શીલ વિદ્વાન્ સાધુઓની સેવા કરીશ, પ્રત્યેક પુર અને ગ્રામે આપને માટે ભિક્ષા માગીશ, એટલુંજ નહીં પણ મારૂં સર્વ જીવન આપના ઉદય સાધવામાં યોજી તેવા દૃઢ પચ્ચખાણ લઇ '**कार्यं साधयामि वा देहं पातयामि**' એ નિશ્ચય ઉપર યાવજ્જીવિત સ્થિર રહીશ.

આવા આશ્વાસનાના વચનસાંભલી શારદા શાંતથઈ બોલ્યા વત્સ, તેં પ્રથમ કહ્યું કે જે ભવિષ્યમાં મારા ઉદયની આશા જોવામાં આવેછે.' એ શા ઉપરથી કહેછે ? તે કાર્યારંભના જે સત્ય હેતુ હોય તે મારી આગલ ખુલ્લીરીતે જણાવ કે જેથી મારી આશારૂપ લતાને [1]સિંચન મલે. હું હર્ષના આવેશમાં બોલ્યો-ભારતી, હવે ભય રાખશો નહીં આપનો ઉદય નજીક આવેછે. સ્વર્ગવાસી મહાશય **શ્રી વિજયાનંદસૂરિ**નો શિષ્યપરિવાર આપનો ઉદ્ધાર કરવાનો મહાભારત પ્રયત્ન કરેછે. મુનિગુણ મંડિત આચાર્યમહારાજ **શ્રી કમલવિજયજી** જૈન ભારતીના મુખકમલને પ્રફુલ્લિત કરવા પૂર્ણ ઉત્સાહથી પ્રવર્ત્તેછે. મુનિરાજ **શ્રી કાંતિવિજયજી** અને મુનિરાજ **શ્રી હંસવિજયજી** જેવા વિદ્વાન્ સાધુઓ આ પાટણના જૈન વર્ગને મોહ નિદ્રામાંથી જગાડે છે. દક્ષિણમાં મુનિરાજ **શ્રી રાજવિજયજી**

૧ છાંટવું તે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આપનો ઉદ્ધાર કરવાને મથન કરેછે પંઝાબમાં મુનિરાજ શ્રી વ-લ્લભવિજયજી પંઝાબના આસ્તિક સિંહોને જાગ્રત કરવા ઉપદે-શામૃત વરસાવેછે. ગુજરાતના રાજનગરમાં મુનિરાજ શ્રી નેમવિજ-યજી બદ્ધપરિકર થઈ આ મહત્ કાર્યને સફલ કરવા પૂર્ણઉત્સાહથી પ્રવર્ત્તેછે. આ યુવાન મુનિવરે શ્રી હેમચંદ્રસૂરિના સવાલક્ષ શ્લોકના પં-ચાગ વ્યાકરણના ઉદ્ધારનો આરંભપણ કર્યો છે અને તે કાર્યને માટે એકજૈન મુદ્રાલય સ્થાપન કરવાનો નિર્ણય પણ કર્યોછે. મુનિરાજશ્રી આનંદસાગરજી પણ ગુજરાતની સીમાં ઉપર જૈન શારદાની કીર્તિ પ્રસારવાઉલ્લાસ ધરેછે. સૌરાષ્ટ્રમાં આવેલા તીર્થરાજ શ્રીસિદ્ધાચલની સીમાઉપર પન્યાસ શ્રી ગંભીરવિજયજી જ્ઞાનનું ગૌરવ ગજાવવા પૂર્ણપ્રયાસ કરેછે. માયાળુમાતા, ધીરજ રાખો. તમારા વિજય નાટકનો નાંદી શરૂ થઇ ચુકયો છે. વલી કહેવાને ખુશી ઉપજેછે કે ભારત વર્ષની આર્ય ભારતીની જન્મભૂમિ વારાણસીમાં તમારો વિજય વાવટો ફરકવા માંડયોછે. મુનિરાજ શ્રી ધર્મવિજયજી વિગેરે જ્ઞાનોપાસક મુનિવરોએ વારાણસીમાં વિદ્યાવિજયનો મહાયજ્ઞ આરંભ્યો છે. આ-ર્હતવર્ગના ઉછરતા અર્ભકો જૈન જ્ઞાનનું પવિત્ર પાંડિત્ય સંપાદન કરે તેવા સાધનો ઉભાકરી ઉદયની આશાના ઉંડા મૂલ નાખવા માંડયા છે. જૈન વ્યાકરણ, જૈન સાહિત્ય, જૈન શાબ્દબોધ અને જૈન તત્વ જ્ઞાનના નવીન ધોરણો રચવાનો મહાન્ પ્રયત્ન ચાલેછે, બીજે પણ સ્થલે સ્થલે જૈનશાળાનું સ્થાપન થાય છે. વિશેષ કહેવાને આનંદ થાય છે કે, સાંપ્રતકાલની રાજભાષા (ઇંગ્લીશ)નું પાંડિત્ય મેલવી કેટલાએક શ્રાવકના કુલીન કુમારો બાહેર પડતા જાય છે, તેઓના નવીન મગજમાં ઉતરતી જૈન શ્રદ્ધા બહુ કાર્ય કરવા સમર્થ થશે. વલી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



થોડા સમયમાં જૈન કોન્ફરન્સ ભરવાની ચર્ચા ચાલેછે, જો જૈન કોન્ફરન્સનો મહાસમાજ એકત્ર થશે અને ભારતનો સાક્ષર અને ધનાઢય શ્રાવક વર્ગ તેમાં આવશે તો ભારતી ! હું આપનો સૌભાગ્ય સૂર્ય ઊદયાચલ ઉપર સત્વર ઉગતો જોવુ છું.

આ સાંભલી શારદા હર્ષ પામ્યા. પોતાની અભિનવ આશા લતાને સફલ થએલી જોવા લાગ્યા, મુખકમલ પ્રફુલ્લિત થયું, દિવ્ય શરીરમાં રોમોદ્ગમ થઇ આવ્યો અને નેત્રમાં શોકાશ્રુ હર્ષાશ્રુના રૂપે થઈ ગયા. ગીર્વાણદેવી ગર્જનાથી બોલ્યા–ધર્મવીર, તારૂં કલ્યાણ થાઓ મને દુઃખના વખતમાં તેં પૂર્ણ સહાય કરી છે. જે સાધુઓ કે શ્રાવકો મારા ઊદયમાં તનમન ધનથી પ્રવર્ત્તેછે, તેઓનું શ્રેયથજો અને સિદ્ધપરમાત્મા તેમને શાંતિ આપજો આટલું કહી તે આશીષ આપતા આકાશમાર્ગે ચાલ્યાગયા અને તેમના દિવ્યદર્શનથીઆનંદ રંગમાં રમતાં મારાનેત્ર ઊઘડી ગયા.

# ગૃહસ્થાવાસમાં કેવલજ્ઞાની.

ત્રિભુવન ભૂષણ સમાન. ત્રણ જગતના ઉપકારક અને સુરાસુરના ઈંદ્રોથી સેવન કરાતા એવા ચરમ તીર્થંકર શ્રી વર્ધમાન સ્વામિને ત્રિકરણ યોગથી અભિનંદન કરીને, મહામુનિરાજ શ્રી કૂર્માપુત્રજીનું સંક્ષેપથી ચરિત્ર રચવા ઉજમાળ થયો છું.

આ જંબુદ્વીપના ભરત ક્ષેત્રમાં મગધનામનો અતિ રસાળ દેશ છે. તે મગધ દેશની રસાળ ભૂમિને આભરણરૂપ, અને સ્વર્ગની અલકાપુરી સાથે હરીફાઈ કરનાર, અતિવિશાલ તથા અનેક

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દેદીપ્યમાન ભૂવનોથી અલંકૃત એવી **રાજગૃહી** નામની નગરી છે. તે રાજધાની રાજગૃહી નગરીમાં સકલ વિદ્વજ્જનોના પાંડિત્યનો પરીક્ષક તથા ન્યાયવંતોમાં શિરોમણિ અને રૂપ લાવણ્ય અને ચતુરાઇના નિવાસરૂપ **શ્રેણીક** નામે રાજા રાજ્ય કરે છે. રાજગૃહી નગરીની સમીપમાં ગુણશીલ નામનું સકલગુણોના આલય રૂપ ઉદ્યાન છે. તે ગુણશીલ ઉદ્યાનમાં અનેક ભવ્યજીવોનો ઉપકાર કરનારા **શ્રી વર્ધમાન સ્વામી** એકદા સમોસર્યા. વીતરાગ પરમાત્માની ભક્તિને નિમિત્તે તથા અનેક જન્માંતરોના પાપની રાશિનો ક્ષય કરવાના હેતુથી, દેવતાઓએ તત્કાલ તે સ્થાનકે મણિ, સુવર્ણ અને રૂપ્યમય ત્રણ પ્રાકાર યુક્ત સમવસરણની રચના કરી. સમવસરણની રચના એવી ભવ્ય અને ચમત્કારિક કરી કે માત્ર સમવસરણ દેખતાંજ કેટલાએક ભવ્યજીવોના અંતઃકરણો ધર્મવાસનાથી વાસિત થતા હવા. સમવસરણને વિષે અષ્ટ મહાપ્રાતિહાર્યની દેવો રચના કરતા હતા. તેમાં અશોક વૃક્ષ નીચે, મણિ માણિક્યજડિત દેદીપ્યમાન સિંહાસન ઊપર બીરાજી, કાંચન વર્ણવાળા અને સમુદ્ર સરખા ગંભીર એવા વીર પરમાત્મા, પાંત્રીસ ગુણ યુક્તવાણીની અમોઘ વૃષ્ટિથી ભવ્યજીવરૂપ કમલ શ્રેણીને વિકસિત કરતા હવા. તે સમયે ભગવંતની મેઘ સમાન અનેક લાભને પ્રસવનારી વાણીથી બારે પર્ષદા સંતુષ્ટ ચિત્તવાળી થઇ. સમયને અનુકૂળ ભગવંત દેશના આપતાં બોલ્યા કે, હે ભવ્ય જીવો! સંસાર સમુદ્રમાં નિરંતર પરિભ્રમણ કરતા એવા જીવોને જ્યાંસુધી ધર્મની પ્રાપ્તિ થતી નથી, ત્યાંસુધી તેઓના આત્મા ભવસંતતિને ટુંકી કરવામાં સમર્થ થતા નથી; માટે તે ભવસંતતિને અલ્પ કરવામાં મલ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વાન એવા પ્રવર ધર્મના ચાર પ્રકાર છે. ૧ **આચાર ધર્મ, ૨ દયા ધર્મ, ૩ ક્રિયા ધર્મ, ૪વસ્તુ ધર્મ.** મૂળ ધર્મના ચાર પ્રકાર છે, અને તેના શુદ્ધ અવિસંવાદી કારણ રૂપ, ૧દાન, ૨શીલ, ૩તપ ૪અને ભાવ આ ચાર ધર્મના ભેદ છે. આ ચાર કારણોનું શુદ્ધ, સ્વરૂપે અનુકરણ કરતાં આત્મા શુદ્ધ ચિદાનંદ સ્વરૂપને પ્રાપ્ત કરે છે. દાનાદિનું ભાવ યુક્ત આરાધન કરવામાં આવે તો આત્મા મોક્ષ પ્રાપ્ત કરે છે. તેજ કારણથી ભાવ ધર્મ આ ચારે ધર્મના કારણોમાં અતિ મહિમા વંત છે. વળી આ ભાવ ધર્મનુંજ માત્ર આરાધન કરતાં અનેક ભવ્ય જીવો સંસાર સમુદ્રનો પારપામ્યા છે. તેથી આ ભાવ ધર્મ સંસાર સમુદ્ર તરવાને પ્રવર પ્રવહણ સમાન છે, સ્વર્ગ, મોક્ષરૂપ મહેલના દ્વારની અર્ગલાને ત્રોડવાને વજ્ર સમાન છે, અંતઃકરણમાં નિરંતર તેનું ચિંતવન કરતાં થકાં મનવાંછિત ફલને પ્રાપ્ત કરાવનાર છે, એવો અચિંત્ય ચિંતામણિ રત્ન સમાન ભાવધર્મ સર્વ તીર્થંકરોએ સર્વ ધર્મને વિષે પ્રધાનરૂપ વર્ણવેલ છે.

એવા શુદ્ધ ભાવ ધર્મનુંજ માત્ર આરાધન કરતાં, જીવાદિક પદાર્થના સૂક્ષ્મ સ્વરૂપનો જેને કિંચિત્ માત્ર અવબોધ થયો નથી. તથા પંચ મહાવ્રતરૂપ પરમ ચરિત્ર ધર્મનું જેણે આચરણ કરી સેવન કરેલું નથી એવા કૂર્મા રાણીની કુક્ષીના રત્નરૂપ કૂર્માપુત્ર, ગૃહસ્થાવાસમાં વાસ કરતાં થકાં, શુભ નિમિત્તે, જાતિ સ્મરણજ્ઞાન ના બળથી કેવળજ્ઞાન પામતો હવા.

પરમ ઉપકારી ભગવંતની આ ચમત્કારિક દેશના શ્રવણ કરતાં તેજ સમયે ઇંદ્રભૂતિ અણગાર ભગવંતના અંતેવાસી પ્રથમ ગણધર, ગૌતમગોત્રી, સમચતુરસ્ત્ર સંસ્થાની, વજ્રરીષભનારાચ સંઘયણવાલા, કંચન સમાન દેહની કાન્તિ વાલા, સુકુમાલ શરીરના અવયવોવાલા,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અતિઉગ્ર તપશ્ચર્યાના ધારણ કરનારા, તપશ્ચર્યાના દેદીપ્યમાન તેજથી મનોહર દ્યુતિવાલા, નિરંતર છઠતપનું આરાધન કરતાં પરમ લબ્ધિઓને પ્રાપ્ત કરનારા, ઉત્કૃષ્ટ બ્રહ્મચર્યને પાલનારા, અઢાર સહસ્ત્ર શીલાંગરથના ધોરી, શરીર સંબંધી સર્વ શુશ્રૂષા તથા તથા મમતાના ત્યાગનારા, ચૌદ પૂર્વ તથા ચાર જ્ઞાનના ધરનારા, પાંચસે અણગારો સાથે પરવરેલા, વિપુલ તેજો લેશ્યાના સંક્ષેપનારા, શ્રી ગૌતમસ્વામી, પુછવાનો સંકલ્પ થવાથી, સ્વસ્થાનકથી ઉઠી, ભગવંતની સન્મુખ આવી ત્રણ પ્રદક્ષિણા દઈ, વંદનકરી, વિનયસહિત પ્રશ્ન કરતા હવાં.

ભગવંત! તે કૂર્માપુત્ર ભાગ્યવંતોને વિષે શિરોમણિનું અતિ અદ્ભૂત દૃષ્ટાંત શ્રવણ કરવાની અમારી જીજ્ઞાસાને આપ પરિપૂર્ણ કરો, તે કૂર્માપુત્ર ગૃહસ્થાવાસમાં રહેતાં થકાં, એવી કેવા પ્રકારની ઉત્તમભાવના ભાવતાહવા કે જેના પ્રતાપથી લોકાલોકના સ્વરૂપને પ્રકાશનારૂં, જીવાજીવ સર્વ પદાર્થની ઉત્પત્તિ, સ્થિતિ અને લયના સમય સમયના વાચ્ય અવાચ્ય ધર્મોને બતાવનારૂ અને સર્વ ઘાતી કર્મોને ક્ષય કરનારૂં અદ્વિતીય સ્વરૂપ રૂપ પ્રધાન કેવલજ્ઞાન પામતા હવા.

કૃપાનિધાન ભગવંત, ગૌતમસ્વામિની જીજ્ઞાસાને તૃપ્ત કરવા યોજનગામિની અમૃતસમાન વાણીરૂપ દેશનાની વૃષ્ટિ કરતા હવા. હે ગૌતમ, જે કૂર્માપુત્રનું ચરિત્ર શ્રવણ કરવાની તમને ઇચ્છા થઇ છે, તે કૂર્માપુત્રનું ચરિત્ર અત્યંત આશ્ચર્ય યુક્ત છે, તેથી એકાગ્ર મન કરી, અન્યસર્વ વ્યાપારોને રૂંધન કરી, આદ્યથી અંત પર્યંત જે કહું તે સંપૂર્ણ રીતે શ્રવણ કરો. અપૂર્ણ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# જૈન કોન્ફરન્સ.

(અનુસંધાન ગતાંક પાને ૨૩ થી.)

**સુજ્ઞ**—જે જે પ્રકારે જૈન ધર્મનો તથા જૈનોનો ઉત્કર્ષ થાય તે તે સર્વ પ્રકારો અમલમાં લાવવા પ્રયાસ કરવો જોઈએ.

**જિજ્ઞાસુ**—આ વખતની કોન્ફરન્સમાં નવ વિષયો ઉપર વિવેચન કરવાને ધારણા જણાવી તે નવ વિષયોનો નોંધ બહાર પાડેલો છે અને તેમાં પણ સુધારો અથવા વધારો કરવા સારૂ કોન્ફરન્સની બેઠકની શરૂઆત પેહેલાં સૂચના કરનારની વજુદ વાળી સૂચના ધ્યાન ઉપર લેવાનો અવકાશ રાખેલો છે તેથી તે બાબતમાં સુધારો યા વધારો કરવા સારૂ જે જણાવવાની આવશ્યકતા હોય તે અવશ્ય જણાવશો.

**સુજ્ઞ**—જે નવ વિષયોનો નોંધ પ્રસિદ્ધિમાં મુકાયેલો છે, તેમાંથી આઠ વિષયો જૈનધર્મના તથા જૈનોના ઉત્કર્ષ સંબંધી વિવેચન કરવાના છે અને એક વિષય તે ઉત્કર્ષ કેવી રીતે થાય તે સંબંધી સાધનો નિરૂપણ કરવા બાબતનો છે. આઠ વિષયોમાંથી પણ કેટલાએક જૈનધર્મના ઉત્કર્ષ સંબંધના છે અને કેટલાએક જૈનોના ઉત્કર્ષ સંબંધના છે. જૈનધર્મના ઉત્કર્ષ સંબંધના વિષયોમાં પણ જે જે વિષયો મુકવામાં આવેલા છે તે તે વિષયો પણ માત્ર જૈનધર્મની અવનતિ કેમ અટકે તેટલા પુરતું કાર્ય કરવાને યોજાયેલા છે. શરૂઆતની કોન્ફરન્સ તેટલા પુ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રતું કામ કરવાનો આરંભ કરે તો તે કાંઇ ઓછું કર્યું કહેવાય નહીં; પરંતુ જૈનધર્મનો ઉત્કર્ષ કરવાની ધારણા જો કોન્ફરન્સની પૃથક્ પૃથક્ વ્યક્તિના અંતઃકરણમાં યથાર્થ રીતે વર્તતી હોય તો તે બાબતમાં માત્ર સૂચના એજ કરવાની છે કે જ્યાં સુધી જૈનધર્મીઓની સંખ્યા માં વધારો થાય એવા સાધનોની યોજના થાય નહીં ત્યાં સુધી વસ્તુતઃ જૈનધર્મનો ઉત્કર્ષ ગણાય નહીં. વર્ત્તમાનકાળમાં જે જૈનો છે તેમાંનો બહુ મોટો ભાગ જૈનાભાસ જેવો છે, તે જૈનાભાસોને પણ જૈનો બનાવવા સારૂ ઉપાયો યોજવાની શરૂઆત કરવાની જરૂર છે. આપણે સર્વે જાણીએ છીએ અને નિરંતર બોલીએ છીએ કે, જૈનધર્મ તે સર્વોત્કૃષ્ટ ધર્મ છે અને વસ્તુતઃ સત્યધર્મ પણ જૈનધર્મજ છે, એવું જાણતાં છતાં તથા નિરંતર બોલતા છતાં સમ્યગ્ દર્શનના ચોથા લક્ષણ અનુકંપાના ભાવસ્વરૂપને ધ્યાનમાં લઇ ધર્મહીન આત્માઓની બાબતમાં તેઓને ધર્મ પ્રાપ્ત કરાવવાની જિજ્ઞાસા જ્યાં સુધી અમલમાં મુકવાની શરૂઆત કરવામાં આવે નહીં ત્યાં સુધી વસ્તુતઃ જૈનધર્મનો ઉત્કર્ષ કરવાનું કામ શરૂ કર્યું કહેવાયજ નહીં. આ સૂચનાના સંબંધમાં મારે જણાવવું જોઈએ કે દુનિયાની વસ્તિનો મોટો ભાગ બૌદ્ધમતને માનનારાઓનો છે. અને હિંદુસ્તાનની વસ્તિનો મોટો ભાગ વેદ ધર્મને માનનારાઓનો છે. હિંદુસ્તાનમાં જો સો માણસો વેદ ધર્મને માનનારા છે તો એક માણસ જૈન ધર્મને માન-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નારો છે. એટલી નાની સંખ્યા માત્ર જૈન ધર્મને માનનારની છે અને તેમાં પણ જૈનાભાસોનો મોટો ભાગ છે, તેથી ખરા જૈનધર્મીઓની સંખ્યા તો બહુજ નાની છે. તે નાની સંખ્યા, મોટી સંખ્યા કેવી રીતે થાય તેના ઉપાયો યોજવાની શરૂઆત કરવાની જરૂર છે. આ બાબતમાં એક સામાન્ય દષ્ટાંત ધ્યાન ઉપર લેવાની જરૂર છે. અંગ્રેજ સરકારનું હિંદુસ્થાનમાં રાજ્ય સ્થપાયા પેહેલાં ખ્રીસ્તીધર્મ માનનારો કોઇપણ હિંદુસ્તાનનો વતની નહોતો. થોડા વરસોમાં અર્થાત્ લગભગ પચાસ વરસોમાં ખ્રીસ્તીધર્મના પાદરીઓએ ખ્રીસ્તીધર્મના વિચારો હિંદુસ્તાનના વતનીઓમાં ફેલાવાનો આરંભ કર્યો. બાઈબલના તેમજ બીજા અનેક ગ્રંથોના પૃથક્ પૃથક્ ભાષામાં તરજુમા કરાવી લોકોની દષ્ટિ ઉપર સેહેલાઇથી આવી શકે તેવી રીતે તે ગ્રંથો મુકવાની યોજના કરી. સ્થળે સ્થળે ખ્રીસ્તી ધર્મના પાદરીઓ તથા વકતાઓ સંપૂર્ણ સહનશીલતાનું અવલંબન કરી ભાષણ કરવા લાગ્યા. વીલસન કોલેજ જેવી કોલેજો અને નિશાળો સ્થળે સ્થળે સ્થાપન કરી તેમાં દેશીઓને ઓછી ફીએ વા મફત, રાજ્ય કર્ત્તાની ભાષાનું જ્ઞાન, ખ્રીસ્તી ધર્મનું ભાષણ સાંભળવાની ફરજબંધી સરતે આપવા માંડયું. એ પ્રમાણે ખ્રીસ્તી ધર્મનો પ્રચાર અનેક રીતે વધારવાની યોજના કરી. જેને લઇને ટુંકી મુદતમાં લગભગ વીશ લાખ ઉપરાંત દેશી ક્રીશ્ચીયનોની સંખ્યા હિંદુસ્તાનમાં થઈ ગઇ છે. દિનપરદિન હિંદુસ્તાનમાં અં-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ગ્રેજી કેળવણીનો ફેલાવ વધતો જાય છે અને દરેક ઉંચી કોમમાં તો અંગ્રેજી કેળવણી હલકી કોમ કરતાં વધતી જાય છે, તેથી ખાસ વિચાર કરવાનો તો એજ છે કે લાભ મેળવવાના સાધનોની યોજના કરવામાં નહીં આવશે, વા વિલંબ થશે તો મૂળમાંથી પણ ટોટો થવાનો પ્રસંગ આવશે. કેટલાએક અંગ્રેજી ભણેલા જૈનો જોકે ખ્રીસ્તી ધર્મને માનનારા થયા નથી, કારણ કે તે ધર્મના તત્વજ્ઞાનમાં તેઓ કાંઇ પણ ગંભીરતા કે સારરૂપ જોતા નથી, પરંતુ તેઓના જૈન ધર્મના જ્ઞાનની અત્યંત ખામીને લીધે તેઓ વસ્તુતઃ નાસ્તિકના જેવા વિચારવાળા, વાણીવાળા તથા આચારવાળા થતા જાય છે. તેથી તેવા વર્તનવાળા થનારાની સંખ્યાનો વધારો થતો અટકાવવા સારૂં તેવા પ્રકારના સાધનો યોજવાની પણ જરૂર છે. અંગ્રેજી રાજ્યમાં વસનારી પ્રજાને જેટલી અંગ્રેજી ભાષાના જ્ઞાનની આવશ્યક્તાછે. તેટલીજ બલ્કે તેના કરતાં પણ વધારે આવશ્યક્તા, પવિત્ર ધર્મના માર્ગમાં પ્રવર્ત્તતા આચારમાંથી પતિત થઇ ભ્રષ્ટાચારમાં પડતા અટકાવવાની છે. કદાચ કોઈ એમ કહેશે કે આ કોન્ફરન્સે ધાર્મિક કેળવણી સંબંધી વિષય ચર્ચવાનો વિચાર નોંધપર લીધેલો છે; પરંતુ તે બાબતમાં ખાસ લક્ષમાં લેવાનું એ છેકે માત્ર અંગ્રેજી કેળવણીના સંસ્કાર થડ રૂપે મગજમાં જામ્યા પછી, ધર્મનું સામાન્ય જ્ઞાન તેમાં ફેરફાર કરવા શક્તિવાન્ થતું નથી. કેટલાએક બાળકો એવા પણ દષ્ટિએ આવે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છે કે બાલ્યાવસ્થાથી ધર્મગુરૂના સહવાસમાં આવતા જતા રહેવાથી અને ધાર્મિકબોધ તરફ તેમનું લક્ષ રહેતું હોવાથી અંગ્રેજી જ્ઞાનમાં વધી ગયા છતાં લેશ માત્ર આચાર ભ્રષ્ટ થયા નથી તેમ થતા નથી. તેથી ઊલટા કેટલાએક બાલકો ગુરૂસહવાસના અભાવને લીધે માત્ર અંગ્રેજી જ્ઞાનમાં વધતાં, આચારભ્રષ્ટ અને શ્રદ્ધાભ્રષ્ટ થયા માલમ પડે છે; તેથી ખાસ વિજ્ઞપ્તિ કરવાની એ છે કે બાળકોની જૈન ધર્મથી પ્રચ્યુતતા થતી અટકાવવાસારૂ તથા જૈનધર્મની વસ્તુતઃ ઉન્નતિ કરવાસારૂ "જૈન ધર્મના વિશિષ્ટ જ્ઞાનવાળા વક્તાઓ" મોટી સંખ્યામાં વધારવા સારૂ ઉપાયો યોજવાની જરૂર છે અને તે સારૂ તથા કોન્ફરન્સે વિચાર ઉપર લીધેલા વિષયો અમલમાં લાવવાસારૂ ત્રણ તત્વનું અવલંબન કરવું જોઈએ.

**જિજ્ઞાસુ**—કયા ત્રણ તત્વનું અવલંબન કરવાથી કોન્ફરન્સે વિચાર ઉપર લીધેલા તથા લેવાના વિષયો અમલમાં આવી શકે ?

**સુજ્ઞ**—**સંપત્તિ – સમજશક્તિ – સંપ** – આ ત્રણ તત્વોનું – જેનું વિસ્તારથી સ્વરૂપ હવે પછી પ્રસંગ લઇને પ્રદર્શિત કરીશ.

# વૃત્તાંત સંગ્રહ.

## શ્રાવક ભીમસી માણેકે પ્રકટ કરેલી જૈન ગ્રંથોની મોટી સમૃદ્ધિ.

એક વખત એવો હતો કે, જૈન ગ્રંથના લિખિત પુસ્તકો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



માત્ર ભંડારમાંજ રહેતા હતા તેના રક્ષકો દરવર્ષે જ્ઞાનપંચમીને દિવસે દર્શન કરી 'પોતે મોટી જ્ઞાન ભક્તિ કરી છે,' એમ માનતા હતા. ગ્રંથને બદલે ગરથના ગરજુ ગોરજીઓ મંત્ર વિદ્યાને બાને છલતાથી તેને છુપાવાને પ્રવર્ત્તતા હતા. સંવેગી સાધુરત્નોની સંખ્યા થોડી હોવાથી પ્રત્યેક ક્ષેત્રો જ્ઞાનની ઉપાસનાથી વિમુખ રહેતા હતા. આ સમયમાં ગાઢ અંધકારમાં પડેલી જૈનોની ગ્રંથ સમૃદ્ધિને ઉદ્ધાર કરવાનું કામ લેવા કોઇ જૈન ગૃહસ્થ જોવામાં આવતો ન હતો. અભિનવ સુધરેલા રાજ્યના પ્રસંગને લઇ ઘણાં સ્થલોમાં મુદ્રાલયો ઊઘડતા હતા પણ કોઇને જૈનગ્રંથોના ઊદ્ધારનું કાર્ય સ્મરણમાં આવતું નહોતું.

કાલ ચક્રના યોગે એ સમય બદલાઈ ગયો. જૈન જ્ઞાનની અધિષ્ઠાત્રીને પોતાનું પત્રમય સ્વરૂપ પ્રગટ કરવા ઇચ્છા થઈ અને તેમની પવિત્ર પ્રેરણા સ્વર્ગવાસી **શ્રાવક ભીમસી માણેક**ના હૃદયમાં સ્વતઃ પ્રવર્ત્તી અને સત્વર ઉદયમાં આવી.

જૈનવર્ગના સારા ભાગ્યે થોડા વર્ષમાં તો ભરતખંડના જ્ઞાન સાધનથી શુષ્ક એવા ક્ષેત્રોમાં જૈનગ્રંથોની મોટી વૃષ્ટિ થવા લાગી, અને તેથી ઘણા વર્ષનો ગ્રંથ દુષ્કાલ દૂર થઈ ગયો. સાંપ્રત કાલમાં ઠામો ઠામ જૈનગ્રંથો સુંદરરૂપે ઉછલી રહયા છે. જૈન પ્રજા સુશોભિત ગ્રંથરૂપ સાધનોથી જ્ઞાનોપાસના કરે છે. સુંદર પત્ર ઉપર ભવ્ય વર્ણવાલા અને સુવર્ણાક્ષર યુક્ત મનોહર પુંઠા ઉપર આપણે આર્હત લિપીના દિવ્ય દર્શન કરીએ છીએ. આ સર્વ માન મરહુમ શ્રાવક ભીમશી માણેકનેજ ઘટે છે.

આપણા સ્વર્ગવાસી જૈન ગ્રંથોદ્ધારક તે શ્રાવકવર્યે આજ સુધીમાં લગભગ નાનામોટા એકસો એશી ગ્રંથો બહાર

For Private And Personal Use Only